# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 18-04-2026** **Midday : 2.30 to 2.35 pm**

**Day : SATURDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **પ્રવેશ અડિએચા** વાંચે છે.

---

(સમાચારને અંતે)

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

------------------------------------------------------------------

આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ સાંજે સાત વાગીને દસ મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો.)

(CLOSING MUSIC)

# STATE LOCAL ELECTION

સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાઓની ચૂંટણીને હવે એક અઠવાડિયા જેટલો સમય બાકી છે. ત્યારે રાજકીય પક્ષના નેતાઓ દ્વારા પૂરજોશમાં પ્રચાર કરવામાં આવી રહ્યો છે. ભાજપના વરિષ્ઠ નેતા અને મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આજે વાવ-થરાદમાં ઢીમા ખાતે વિકાસ સંકલ્પ સભા સંબોધી ભાજપના ઉમેદવારોના પક્ષમાં પ્રચાર કર્યો. અગાઉ તેઓ થરાદ દૂધ શીત કેન્દ્ર ખાતે મહિલા સંમેલનમાં પણ ઉપસ્થિત રહ્યા હતા.

તે, ડેડિયાપાડાના આમ આદમી પાર્ટીના ધારાસભ્ય ચૈતર વસાવાએ આજે છોટા ઉદેપુરના નસવાડી ખાતે પાર્ટીના ઉમેદવારોના સમર્થનમાં પ્રચાર કર્યો.

ચૂંટણી પહેલા અનેક ઉમેદવારો બિનહરીફ થયા તો કેટલાક ઉમેદવારોએ પોતાના ઉમેદવારીપત્ર પરત ખેંચ્યા હોવાના પણ અહેવાલ છે. ત્યારે મહીસાગરના લુણાવાડાના ભલાડા ખાતે કોંગ્રેસનાં ઉમેદવાર ચંદ્રિકાબેનનું ઉમેદવારીપત્ર રદ થતાં તેમનાં પિતા ભાજપમાં જોડાયાં હોવાનું અમારા પ્રતિનિધિ કૌશિક જોષી જણાવે છે.

તો, પંચમહાલમાં ચૂંટણી પહેલાં કોંગ્રેસના જિલ્લા પ્રમુખ ભાજપમાં જોડાતા હવે જિલ્લા કાર્યકારી પ્રમુખ અજિતસિંહ ભાટીને આગામી ચૂંટણીની જવાબદારી સોંપાઈ છે.

બીજી તરફ અરવલ્લી જિલ્લાના મેઘરજ તાલુકામાં બેલ્યો જિલ્લા પંચાયતની બેઠક મહિલા ઉમેદવારોને લઈ ચર્ચામાં આવી છે.

# MAHISAGAR POLICE CHECKING

મહીસાગરમાં આગામી સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાઓની ચૂંટણી શાંતિપૂર્ણ માહોલમાં યોજાય તે માટે જિલ્લા પોલીસ ફરી સક્રિય થઈ છે. ખાસ કરીને રાજસ્થાન સરહદથી કેફી દ્રવ્યોની હેરાફેરી અટકાવવા જિલ્લાની ચાર મુખ્ય સરહદ ચેકપોસ્ટ પર લોખંડી બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો છે. જિલ્લા પોલીસ વડાના માર્ગદર્શન હેઠળ ઉચ્ચ અધિકારીઓ દ્વારા સંવેદનશીલ ચેક પૉઈન્ટનું સીધું નિરીક્ષણ કરવામાં આવી રહ્યું છે.

# PIB FACT CHECK

તમામ ભારતીય નાગરિકોએ દેશ છોડતા પહેલા દર વખતે આવકવેરા ક્લિયરન્સ સર્ટિફિકેટ એટલે કે, મંજૂરીપત્ર મેળવવું ફરજિયાત હોવા અંગેના સોશિયલ મીડિયા પર પ્રસારિત થયેલા વીડિયોનું સરકારે ખંડન કર્યું. પ્રેસ ઇન્ફર્મેશન બ્યૂરો – P.I.B.ના તથ્ય તપાસ એકમે આ દાવાને નિરાધાર ગણાવતા જણાવ્યું, આવકવેરા મંજૂરીપત્ર તમામ માટે જરૂરી નથી અને કેટલીક કાયદાકીય પરિસ્થિતિઓમાં પણ વિશિષ્ટ વ્યક્તિઓ માટે તેની આવશ્યકતા હોય છે. P.I.B. દ્વારા લોકોને સાચી માહિતી માટે હંમેશા સત્તાવાર સ્ત્રોત પર વિશ્વાસ કરવા આગ્રહ કરાયો છે.

# TRAGEDY IN THE STATE

રાજ્યમાં આજે બે વિવિધ દુર્ઘટનામાં ત્રણ લોકોના મોત થયાના અહેવાલ છે. સુરતમાં રાષ્ટ્રીય રાજમાર્ગ 48 પર એકસાથે ત્રણ વાહનો વચ્ચે અકસ્માત થતા એક વ્યક્તિનું મોત થયું છે. અમારાં પ્રતિનિધિ લોપા દરબાર જણાવે છે, કોસંબા નજીક માંગરોળના સાવા પાટિયા નજીક ગાઢ ધુમ્મસના કારણે આ અકસ્માત સર્જાયો હતો, જેમાં બે લોકો ગંભીર રીતે ઈજાગ્રસ્ત થતાં તેમને હૉસ્પિટલ ખસેડાયા છે.

તો, સુરેન્દ્રનગરના લીંબડીમાં આવેલી એક સોસાયટીના મકાનમાં આગ લાગતા દંપતીનું મોત થયું છે. અમારા પ્રતિનિધિ દિનેશ પરમાર જણાવે છે, મોડી રાત્રે ઘરમાં લાગેલા A.C.માં શોર્ટ સર્કિટ થવાથી આગ લાગી હતી. દરમિયાન દાઝી જતાં પતિ અને પત્નીનું મોત નીપજ્યું છે. આ અંગે પોલીસે વધુ તપાસ હાથ ધરી.

# Kutch BOAD JALSAMADHI

કચ્છમાં અબડાસા તાલુકાના જખૌ બંદરથી માછીમારી માટે નીકળેલી “અલ સફિના” નામની હોડીને કોરીક્રિક નજીક આવેલા સુગારબેટ પાસે અકસ્માત નડતા તેણે જળસમાધિ લીધી. સદનસીબે હોડીમાં સવાર પાંચેય ખલાસીનો આબાદ બચાવ થયો છે. સુરક્ષા સૂત્રોના જણાવ્યા મુજબ, આ હોડીની આસપાસ અન્ય હોડીમાં સવાર માછીમારોએ આ ખલાસીઓને બચાવ્યા હતા.

# PM MANN KI BAAT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આ મહિનાની 26-મી તારીખે આકાશવાણી પરથી પ્રસારિત થનારા “મન કી બાત” કાર્યક્રમમાં દેશ-વિદેશના લોકો સમક્ષ પોતાના વિચાર રજૂ કરશે. માસિક રેડિયો કાર્યક્રમની આ 133-મી કડી હશે.

આ કાર્યક્રમ માટે લોકો પોતાના વિચાર અને મંતવ્ય ટૉલ-ફ્રી નંબર 1800-11-7800 પર તેમજ નરેન્દ્ર મોદી ઍપ અથવા માય GOV ઑપન ફૉરમના માધ્યમથી પણ ઑનલાઈન મોકલી શકે છે. ઉપરાંત શ્રોતાઓ 1922 પર મિસ્ડ કૉલ કરીને સીધા જ પ્રધાનમંત્રીને પોતાના મંતવ્ય મોકલી શકે છે. મંતવ્ય મોકલવાની છેલ્લી તારીખ 24 ઍપ્રિલ રહેશે.

# DAMAN KHELO INDIA TRAIL

કેન્દ્રશાસિત પ્રદેશ દમણમાં ખેલો ઇન્ડિયા રાજ્ય ઉત્કૃષ્ટતા કેન્દ્ર સિલ્વાસા માટે પસંદગી પ્રક્રિયા આજે પૂર્ણ થઈ. તેમાં 300 ખેલાડીઓએ ભાગ લીધો હતો. નાની દમણની સ્વામી વિવેકાનંદ રમતગમત સંકુલ ખાતે કેન્દ્રશાસિત પ્રદેશ દાદરા અને નગરહવેલી તથા દમણ અને દીવના રમતગમત અને યુવા બાબતોના વિભાગ દ્વારા યોજાયેલી આ પ્રક્રિયામાં દસ્તાવેજ ચકાસણી, શારીરિક તંદુરસ્તી અને રમત કૌશલ્ય પરિક્ષણ કરાયા.

હવે આ ખેલાડીઓને આધુનિક રમતગમત સુવિધાઓ, નિષ્ણાત કોચ દ્વારા તાલીમ, રમતગમતનો આહાર, રહેઠાણ, રમતગમત સાધનસામગ્રી અને પર્યાપ્ત શિક્ષણ અપાશે. આ અંગે રમતગમત અધિકારી અક્ષય કોટલવારે વધુ માહિતી આપી.